# ડીવાઈડર સાથે ટકરાઈને કાર પલ્ટી મારતા એકનું મૃત્યુ

## અમદાવાદનાં પરિવારને હિંમતનગર-ચિલોડા હાઈવે પર ધણપ પાસે નડેલો અકસ્માત : બે ઘાયલ

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદનું પરીવાર ચિતોડગઢ ખાતે સ્થિત તેમના વતનેથી ગઈકાલે રાત્રીના અરસામાં ઈન્ડીકા કાર



(તસવાર : નટુભાઈ પટેલ, ચિલોડા)

લઈને પરત ફરી રહ્યુંહતુંતે દરમ્યાન ચિલોડા-હિંમતનગર હાઈવે પર ધણપ ગામની સીમ પાસે હાઈવે પર ડીવાઈડર સાથે અચાનક કોઈ કારણોસર ઈન્ડીકા કાર ચઢી જતાં પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કાર ચલાવી રહેલા ૫૦ વર્ષીય પ્રૌઢનું છાતી અને માથે ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે મૃતકની પત્નિ અને દીકરી હાલ સારવાર હેઠળ છે. ચિલોડા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય શાંતીલાલ નંદલાલ શાહ તેમની પત્નિ લીલાબેન શાહ અને દીકરી ડીમ્પલ શાહને લઈને ચિતોડગઢ વિસ્તારમાં પોતાના વતનમાં ગયા હતા. વતનેથી ગઈકાલે ઈન્ડીકા કાર નં. જીજે-૧-એચ.જે.૨૫૨ લઈને પરત અમદાવાદ આવી રહ્યા હતા તે દરમ્યાન રાત્રીના અરસામાં હિંમતનગર ચિલોડા હાઈવે પર ધણપ પાસે તેમની ઈન્ડીકા કાર કોઈ કારણોસર ડીવાઈડર સાથે ટકરાઈ ગઈ હતી અને કારે ગુલાંટ મારી દેતા ત્રણેય ધવાયા હતા. શાંતિલાલને છાતીના ભાગે અને માથે ગંભીર ઈજાઓ થતાં તેમનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. તો બીજી તરફ લીલાબેન અને ડિમ્પલને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# પર્યાવરણ સુરક્ષાના ભંગ બદલ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પગલા લેશે

## ઘન કચરાના નિકાલની વ્યવસ્થા સંદર્ભે મહાનગરપાલિકાઓને માહિતી મોકલવા બોર્ડની તાકીદ

ગાંધીનગર, તા. ૧૦

ઘનકચરાના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાનો અમલ ન થતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણ સુરક્ષા ધારાને અનુલક્ષી રાજ્યમાં તમામ મ્યુનિસિપલકમિશનરોને આ મામલે યોગ્ય માહિતી પુરી પાડવા જણાવાયું છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ કે.સી. મિસ્ત્રીએ આ અંગે જણાવ્યા અનુસાર નદીઓમાં, વરસાદી નાળાઓમાં કે ઉદ્યોગોના ગંદા પાણીને શુદ્ધ કર્યા સિવાય જવા દેવું તે પર્યાવરણના કાયદાનો ભંગ છે. આ માટે પુરતી માત્રામાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવવાનું અનિવાર્ય છે.

જ્યારે આ જ રીતે મ્યુનિસિપલ ઘનકચરાને રહેણાંકના ઘરો કે વ્યવસાયિક સ્થળોએથી એકત્ર કરવા માટે પુરતી સંખ્યામાં કચરાપેટી મુકવા ઉપરાંત નિયત જગ્યાએ કચરાનો નિકાલ કરવાની જવાબદારી પણ મહાનગરપાલિકાઓની છે. આ નિયમના ભંગ બદલ પર્યાવરણ સુરક્ષા ધારા ૧૯૮૬ની કલમ-૧૫ અન્વયે દંડ અને શિક્ષા પાત્ર ગુનો બને છે. તેમણે વધુમાં જણાવ્યા મુજબ આ સઘળી બાબતો અંગે સ્થાનિક સત્તાવાળાઓ કાયદાકીય રીતે વાકેફ છે આમ છતાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વારંવાર તેમનું ધ્યાન દોરતા હતા આ મામલે અમલ ન થતો હોવાનું ધ્યાને આવ્યું છે. જેને અનુલક્ષી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રાજ્યના તમામ મ્યુનિ કમિશનરોને આ મામલે ધ્યાન દોરી યોગ્ય માહિતી પહોંચતી કરવા જણાવાયું છે.

# શહેર વસાહત મહામંડળે ૧૦૦૦ પક્ષી પરબોનું કરેલું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૦

અસહ્ય ગરમીમાં માનવ સમાજ તરસ છીપાવવા ઠંડુ પાણી હાથે-પગે ચાલીને સહજતાથી મેળવી શકે છે ત્યારે પક્ષીઓનું શું!! આ ચિંતાને સાર્થક કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળે તાજેતરમાં શિક્ષણ, કાયદો અને ન્યાયના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીના વરદ હસ્તે ૧૦૦૦ પક્ષી પરબોનું લોકાર્પણ કર્યુંહતું.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૦૫થી પક્ષી પરબ વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા બળબળતા તાપમાં ગાંધીનગરના ૧૩૪ પ્રકારના પક્ષીઓની તરસ છીપાવવા પક્ષી પરબોનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓ સર્વશ્રી અરૂણ બુચ, બી.એ. શુકલ, દિનેશસિંહ ચાવડા, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, સુધીર દેસાઈ સહિત લોકોને પક્ષી પરબ વિતરણ વ્યવસ્થા હાથ ધરી હતી. સમગ્ર કાર્યક્રમમાં કુ. ચેતના બૂચ, પ્રદિપ સોલંકી, ભરત દિક્ષિત, જીકાદરા કિશોર સહિત સૌએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને પક્ષીઓની તરસ છીપાવવામાં સહભાગી બને તેવી અપીલ કરી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



# ચિલોડા મોટા સર્કલ પાસે રાજસ્થાન જતી લકઝરી બસોમાં મુસાફરોની બોલબાલા

ગુજરાત રાજ્યમાં કાળઝાળ ગરમીનું મોજુ યથાવત રહ્યું છે. ચૈત્ર-વૈશાખ માસમાં ગ્રામ્ય વિસ્તારમાં લગ્નસરાની મોસમ પૂરબહાર ખીલી ઉઠી છે. પરિણામે ગાંધીનગર તાલુકાનું એક માત્ર પ્રવેશદ્વાર ગણાતું અને અવરજવર માટેનું મોખરાનું સ્થાન તરીકે સગવડિયું સ્થળ ચિલોડા સર્કલ પર અસંખ્ય વાહનો અને મુસાફરોની હેરાફેરીથી ધમધમી રહ્યું છે. પરિણામે ચિલોડા મોટા સર્કલથી થોડે દૂર અમદાવાદથી હિંમતનગર જવાના હાઈવે માર્ગ પર રાજસ્થાન જતા પરપ્રાંતિય મુસાફરોનો ભારે ઘસારો જોવા મળે છે. પરિણામે ચિલોડા-હિંમતનગર જવાના પીક-અપ સ્ટેન્ડ પાસે અસંખ્ય લકઝરી બસોની અવરજવર વધવા પામી છે. આ લકઝરી બસો પર ના છૂટકે એસ.ટી. બસોના રૂટના અભાવે લાંબી મુસાફરી કરવા ઈચ્છતા નાગરિકો કુટુંબ કબીલા સાથે લકઝરી બસના જીવના જોખમે કાયદાની ઐસી તૈસી કરી મુસાફરો મુસાફરી કરવા મજબૂર બન્યા હોય તેવું લાગી રહ્યું છે.

# ગેસ બિલની રકમ હવે સ્ટેટ બેંકની શાખાઓમાં પણ સ્વીકારાશે

## બિલ ભરપાઈ કરવા એક જ જગ્યાએ લાંબી કતાર થાય છે

ગાંધીનગર, તા. ૧૦

ગેસ લાઈનનું બિલ ભરપાઈ કરવા આમ નાગરિકોએ હાલાકી વેઠવી ન પડે તે માટે હવે ગેસબીલના નાણા સ્ટેટ બેંકની શાખામાં પણ સ્વીકારવામાં આવશે. ગેસ બિલ ભરવા માટે લાગતી કતારોમાં ગ્રાહકોએ સમય ન બગાડવો પડે તે માટે ચાલુ સપ્તાહ દરમિયાન જ આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શહેરમાં ગેસ લાઈનના હજારો જોડાણકર્તાઓ માટે હાલ જી.એસ.પી.સી.ની ઓફિસ ઉપરાંત પોસ્ટ ઓફિસોમાં પણ બીલના નાણા સ્વીકારવાની જોગવાઈ કરવામાં આવી છે. ગેસ જોડાણના ગ્રાહકોને બીલની રકમ ભરપાઈ કરવા સગવડતા વેઠવી ન પડે તે માટે અગાઉ આ મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેના અંતે સંબંધિત સેક્ટરોમાં પોસ્ટ કચેરી ખાતે ગેસ બીલના નાણા સ્વીકારવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગેસ બિલના નાણાંની ચુકવણી માટે જી.એસ.પી.સી.ની ઓફિસમાં પણ લાંબી કતાર લાગતી હોવાનું ધ્યાને આવતા આમ નાગરિકોની સરળતા માટે હવે પોસ્ટ ઓફિસની સાથે સ્ટેટ બેંકની શાખાઓમાં પણ ગેસ બિલની રકમ સ્વીકારવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર ચાલુ સપ્તાહ દરમિયાન જ આ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના પરિણામે હવે શહેરીજનોને હવે ગેસ બીલની ચુકવણી માટે સરળતા રહેશે તેમ પણ માનવામાં આવી રહ્યું છે.

## આવતીકાલે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૩-સીના મા મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કલીકરના મધુરકંઠે પ્લોટ નં. ૬૧૫/૧, સેક્ટર-૩-સી, ગાંધીનગરના રમીલાબેન પ્રજાપતિને ત્યાં આવતીકાલે તા. ૧૨મી મે-૨૦૧૩ને રવિવારે બપોરે ૨ થી ૫.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે. ભાવિક ભક્તોને આનંદના ગરબામાં ઉપસ્થિત રહેવા પ્રફુલ્લાબેન ભાવસારે ખાસ જણાવ્યું છે.

## વિના મૂલ્યે પક્ષી પરબ વિતરણ

નગરના પક્ષી પ્રેમીઓ પક્ષીઓને પાણી પીવડાવી શકે તે માટે શહેર વસાહત મંડળ દ્વારા પક્ષી પરબનું વિતરણ થઈ રહ્યું છે. પક્ષી પરબ મેળવવા જે તે વ્યક્તિએ અરૂણ બૂચ પ્લોટ નં. ૨૨૦, સેક્ટર-૨૦ અથવા શશીકાંત મોઢા ૨૪૮/૧, સેક્ટર-૪-એ અથવા નિલેન્દુ વોરા ૪૪૫/૨, સેક્ટર-૫-એ, લતાબેન ચોકસી, ૨૧, તેજસ સોસાયટી, સે-૨૩ અથવા નિસર્ગ બૂચ, મયૂર એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૮, અથવા કૈલાસબેન જોશી ૪૬૧/૧, સેક્ટર-૩-સીનો સંપર્ક કરવો.

# જુ.સિ.કા.ના સહયોગથી છાસનું વિતરણ ૨૧મી જૂન સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૧૦

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા તા. ૧૭મી માર્ચથી સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં રાહદારીઓ અને મુલાકાતીઓ માટે નિઃશુલ્ક છાસનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

જુ.સિ.કા.ના પ્રમુખ કમલ ચૌધરીએ જણાવ્યું છે કે ૧૭મી માર્ચથી ૩૦મી એપ્રિલ સુધી સિવિલ હોસ્પિટલના મુલાકાતીઓ અને રાહદારીઓને નિઃશુલ્ક છાસનું વિતરણ કરવામાં આવ્યું છે. આ દોઢ માસમાં ૧૪૧ કેન છાસનું વિતરણ કરાયું હતું. જેમાં ૩૫૦૦૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ છાસ વિતરણ ૨૧મી જૂન સુધી ચાલુ રાખવામાં આવનાર છે. આ આયોજન પાછળ સ્વ. રંજનબેન ભરતકુમાર શેઠના સ્મરણાર્થે મધુસુદનભાઈ શેઠનો મુખ્ય આર્થિક સહયોગ મળ્યો છે એમ આયોજકોએ જણાવ્યું છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદના પદાધિકારીઓની વરણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. બેઠકમાં ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં પરિષદના પદાધિકારીઓની આગામી બે વર્ષ માટે વરણી કરવામાં આવી હતી.

પરિષદના પ્રમુખ તરીકે લવજીભાઈ વાડીઆની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. કાર્યકારી પ્રમુખ તરીકે જ્યોતીન્દ્રભાઈ દવે, ઉપપ્રમુખ તરીકે ભાનુપ્રસાદ પુરાણી, રાજેન્દ્રભાઈ પારેખ, ભાનુકાંતભાઈ પરમાર, મૂળજીભાઈ પરમાર 'દધિ' મહામંત્રી તરીકે નિરંજનભાઈ ઓઝા, મંત્રી તરીકે જે.જે. ત્રિવેદી, ડાહ્યાભાઈ ગાંધી, સહમંત્રી તરીકે રમણલાલ શ્રીમાળી, સોમાભાઈ પરમાર, સંગઠન મંત્રી તરીકે હસમુખભાઈ ઠાકર અને કોષાધ્યક્ષ તરીકે બિપીનભાઈ વશીની વરણી કરવામાં આવી હતી.

## સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરે જરૂરીયાતમંદોને પગરખાં વિતરણ કર્યુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને તેની આસપાસ વસતા શ્રમિક ભાઈ-બહેનોને તથા આંગણવાડીના બાળકોને સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સિ.સિ.કા. ગાંધીનગર દ્વારા તા. ૨, ૪, અને ૬ મે-૨૦૧૩ દિવસો દરમિયાન ગાંધીનગર જિલ્લાની ૧૦ આંગણવાડીઓના બાળકોને તેમજ ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં ખુલ્લામાં વસતા કુલ ૧૬૨૦ શ્રમિક ભાઈ-બહેનોને ગરમીના દિવસોમાં ઉપયોગી થાય તે માટે સ્લીપરનું વિતરણ કરવામાં આવ્યું છે એમ શિવલાલગર ગોસ્વામીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## દૂધ ગરમ કરવા જતાં દાઝી ગયેલી પરિણીતાનું મોત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામમાં રહેતી પરિણીતા વર્ષાબેન શેખરજી રાજપુત ૨૫મી એપ્રિલે મોડી સાંજે પોતાના ઘરે દૂધ ગરમ કરી રહ્યા હતા તે દરમ્યાન જાર લાગતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. પખવાડીયાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી પરિણીતાનું મોડી રાત્રે સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પી.આઈ. એલ.બી. મોણપરાએ ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



સાયકલ અમારી સલામત સવારી

# બાઈક-કારના જમાનામાં સાયકલ સવારી આમ આદમીની જીવાદોરી સમાન બની રહી છે

આધુનિક ઝડપી યુગમાં આધુનિકટેકનોલોજીનો ઝડપી યુગ પસાર થઈ રહ્યો છે. રોકેટ ગતિએ મનપસંદ સ્થળે પહોંચવા પૂરપાટ ઝડપી વાહનો તથા પહોળા રસ્તામાં બેફામ દોડતા વાહનોથી અકસ્માતોની વણથંભી વણઝારથી અસંખ્ય લોકોના જીવ ગુમાવ્યાનો વારો આવે છે. જ્યારે હજુપણ ગ્રામ્ય વિસ્તારોમાં ખર્ચાળ વાહનોને બદલે હાથવગા અને બિન ખર્ચાળ બિનજોખમી એવી સાયકલને ચિલોડા ગામના વયોવૃદ્ધ તથા તંદુરસ્ત જેવા સાયકલપ્રેમી અંબાલાલ પટેલ નાનકડી સાયકલ લઈને સવાર સાંજ ઘરેથી ખેતરે, ચિલોડા બજારમાં સાયકલ પર ઘુમતા નજરે પડે છે. હાલના યુગમાં પેટ્રોલ, ડીઝલ, કુદરતી ગેસના તોતિંગ ભાવોમાં દરેક ક્ષેત્રે હાથવગુ સાધન તરીકે સાયકલ એ આજીવિકાનું સાધન અપનાવવા વિના છૂટકો નથી. દેશ વિદેશના અનેક સાયકલ પ્રવાસીઓ ભ્રમણ કરતાં નજરે પડે છે. આરોગ્યની તંદુરસ્તી જાળવવામાં તથા શારીરિક કસરતનો મહિમામાં સાયકલનું અનોખુ યોગદાન રહેલું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્ટાર ટ્રેક ઈનટુ ડાર્કનેસ (૩ડી) (અંગ્રેજી) : ૯.૧૫, ૫.૦૦,૧૦.૧૫
છોટા ભીમ : ૧૨.૦૦
આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૨.૧૫
બોમ્બે ટોકીસ : ૭.૪૫

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૪.૦૦, ૬.૧૫, ૮.૩૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

ગીપ્પી : ૯.૩૦, ૧.૩૦, ૬.૦૦
આશિકી -૨ : ૧૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ગો ગોઆ ગોને: ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦
શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ફોર ટુ કા વન : ૧૦.૦૦, ૫.૦૦
ગીપ્પી : ૧૨.૦૦, ૩.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

આશિકી-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સાંસ્કૃતિ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા ઈન્ફોસિટિ કલબ ગ્રાઉન્ડ ખાત રાત્રે ૯.૩૦ કલાકે ગ્રીષ્મોત્સવનો પ્રારંભ

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. સંચિત ધનમાં વૃદ્ધિ થશે. ભાગ્યવર્ધક યાત્રાઓનું આયોજન થશે. ધાર્મિકક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ ઉત્પન્ન થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : મનોરંજનમાં સમય પસાર થશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે. નકામો વાદવિવાદ ન કરવો. લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.